# IIT-Gnની વિદ્યાર્થિનીની ગ્લોબલ સ્કોલરશિપ માટે પસંદ

**Education Talk**

સિટી રિપોર્ટર | અમદાવાદ

અન્ડર ગ્રેજ્યુએટમાં સ્ટડી કરતા બ્રાઝિલ, ચાઈના, રશિયા, ઈન્ડોનેશિયા, યુ.એસ.એ અને ભારતના વિદ્યાર્થીઓને કારગીલ ગ્લોબલ સ્કોલરશિપ પ્રોગ્રામ અંતગર્ત સ્કોલરશિપ આપવામાં આવે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગરમાં બી.ટેકમાં સ્ટડી કરતી અનુષ્કા કામતની આ સ્કોલરશિપ માટે પસંદગી કરાઈ છે. કારગિલ ગ્લોબલ આ સ્કોલરશિપ માટે પાર્ટનરની ભૂમિકા ભજવે છે. જેમાં કારગીલ દ્વારા વિશ્વના અલગ અલગ દેશોમાં પથરાયેલી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ટરનેશનલ એજ્યુકેશનમાં બે વર્ષ માટે રિસર્ચ અને પ્રોજેક્ટ રિલેટેડ કામ કરવાની તક અપાઈ છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ટરનેશનલ એજ્યુકેશન સાથે જોડાયેલા એક્સપર્ટ પણ વિદ્યાર્થીઓને પોતાના રિસર્ચ વર્કમાં હેલ્પ કરતા હોય છે. દિલ્હી ખાતે યોજાયેલા એવોર્ડ ફંશનમાં આઈઆઈટી-જીએનની વિદ્યાર્થિનીને આ સ્કોલરશિપ પ્રોવાઈડ કરાઈ હતી. સ્કોલરશિપ અંગે જણાવતા અનુષ્કાએ કહ્યું કે, 'ગ્લોબલ લેવલ પર ખૂબ ફેમસ ગણાતી આ સ્કોલરશિપની મદદથી હું મારા રિસર્ચ વર્કને વધારે સારું કરી શકીશ.'

**Title:** IIT Gandhinagar Girl student selected for the Global Scholarship

**Source:** Divya Bhaskar (City Bhaskar)

**Date:** 10/09/2017